# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 6-8-2024 Morning : 9.00 to 9.10 AM
Day : Tuesday National News

**આકાશવાણી- સમાચાર નીકિતા શાહ વાંચે છે.**

****************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ફિજીના રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સાથે દ્વીપક્ષીય બેઠક કરશે
- ભારતની અધ્યક્ષતામાં બિમ્સટેકના વેપારી શિખર સંમેલનનો આજથી નવી દિલ્હીમાં પ્રારંભ
- બંગ્લાદેશમાં વચગાળાની સરકાર બનાવવાની તૈયારીઓ, સૈન્ય પ્રમુખ વિદ્યાર્થીઓ અને શિક્ષક પ્રતિનિધિઓ સાથે બેઠક કરશે
- હવામાન વિભાગે ઉત્તર પશ્ચિમ અને પૂર્વીય ભારતના કેટલાંક વિસ્તારોમાં વરસાદની આગાહી કરી
- અને પેરિસ ઑલિમ્પિકની હૉકી ફાઇનલમાં સ્થાન મેળવવા ભારતીય ટીમ આજે જર્મની સામે રમશે

****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PRESI FIJI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ફિજીના રાષ્ટ્રપતિ રાતુ વિલિયમ માઇવલીલી કેતોનિવેર અને પ્રધાનમંત્રી સિતિવેની રાબુકા સાથે દ્વીપક્ષીય બેઠક કરશે. શ્રી મુર્મુએ આજે સવારે ફિજીની સંસદમાં સંબોધન કર્યું હતું. રાષ્ટ્રપતિ ગઈકાલે ફિજીની રાજધાની સુવા પહોંચ્યા હતા. જ્યાં ફિજીના પ્રધાનમંત્રીએ તેમને આવકાર્યા હતા. ફિજીના રાષ્ટ્રપતિએ શ્રી મુર્મુને ગાર્ડ ઑફ ઑનર આપ્યું હતું.

રાષ્ટ્રપતિએ બાદમાં ગાર્ડ ઑફ ઑનરનું નિરીક્ષણ કર્યું હતું. ફિજી યાત્રા બાદ રાષ્ટ્રપતિ મુર્મુ આવતીકાલથી ન્યૂઝીલેન્ડ્સનો પ્રવાસ કરશે. અહીં તેઓ ન્યૂઝીલેન્ડ્સમાં તેમના સમકક્ષ નેતાઓ સાથે મુલાકાત કરવાની સાથે એક શિક્ષણ સંમેલનમાં સંબોધન કરશે. રાષ્ટ્રપતિ મુર્મુ તેમના વિદેશ પ્રવાસના અંતિમ તબક્કામા તિમોર લેસ્તે પહોંચશે.

# BIMSTEC

ભારતની અધ્યક્ષતામાં બંગાળની ખાડી બહુ ક્ષેત્રીય તકનિકી અને આર્થિક સહકાર – બિમ્સટેકના વેપારી શિખર સંમેલનનો આજથી નવી દિલ્હીમાં પ્રારંભ થઈ રહ્યો છે. વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર ત્રણ દિવસીય આ સંમેલનનું ઉદ્ઘઘટન કરશે, જ્યારે વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પિયૂષ ગોયેલ સહિતના નેતાઓ તેને સંબોધિત કરશે.

આ કાર્યક્રમમાં બિમ્સટેકના સભ્ય દેશોના મંત્રીઓ, ઉચ્ચ સરકારી અધિકારીઓ, નીતિ ઘડવૈયા, ઉદ્યોગપતિઓ, તેમજ ઉદ્યોગ સાહસિકો ભાગ લેશે. વિદેશ મંત્રાલયનું કહેવું છે કે બિમસ્ટેક વેપારી શિખર સંમેલન બંગાળની ખાડી વિસ્તારના ત્રણસોથી વધુ હિત ધારકોને એક મંચ પર લાવશે. જેથી આ વિસ્તારમાં આર્થિક સહકાર મજબૂત બનશે, સાથે જ વેપારી સુવિધાઓ, પ્રાદેશિક સંપર્ક, ઊર્જા સહકાર, સમાવિશીવિકાસ તેમજ સતત વિકાસ જેવા ક્ષેત્રોમાં આગળ વધવાના વિકલ્પો શોધી શકાય. મંત્રાલયે એમ પણ કહ્યું છે કે આ શિખર સંમેલનનો હેતુ બિમ્સટેક સભ્ય દેશો વચ્ચે મજબૂત વેપારી અને રોકાણ સંબંધો દ્વારા પ્રાદેશિક સહકારને પ્રોત્સાહન આપવાનો છે.

# BANGLADESH

બાંગલાદેશના ભૂતપુર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાને ભારત સરકારે સોમવારે ભારતમાં વચગાળાના રોકાણ માટે મંજૂરી આપી હતી. એક અહેવાલ પ્રમાણે, શેખ હસીના બ્રિટનમાં શરણ પ્રાપ્ત કરે ત્યાં સુધી ભારત તેમને તમામ મદદ પૂરી પાડશે. જો કે, શેખ હસીનાને રાજકીય આશ્રય આપવા અંગે બ્રિટન સરકારે કોઇ પુષ્ટી કરી નથી. હસીનાની સાથે તેમનાં બહેન રેહાના પણ છે, જેઓ બ્રિટનનાં નાગરિક છે.

ઉલ્લેખનીય છે કે હિંસા અને અરાજકતાને પગલે ગઈકાલે શેખ હસિના પ્રધાનમંત્રી પદ પરથી રાજીનામું આપીને સૈન્ય હેલિકોપ્ટરમાં બેસીને ભારત આવ્યા હતા. દેશમાં સર્જાયેલા રાજકીય અવકાશ વચ્ચે સૈન્યએ  સત્તા સંભાળી હતી. રાષ્ટ્રપતિ મોહમ્મદ શાહબુદ્દિને એક નિવેદનમાં જણાવ્યું છે કે દેશમાં સંસદ વિખેરીને વચગાળાની સરકાર બનાવાશે. ગઈકાલે ઢાંકામાં બાંગ્લાદેશના સૈન્ય પ્રમુખની હાજરીમાં વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ, સામુદાયિક પ્રતિનિધિઓની હાજરીમાં મળેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો. રાષ્ટ્રપતિએ જણાવ્યું કે સૈન્ય દેશમાં અરાજકતાની સ્થિતિને ડામવા પૂરતા પગલાં લઈ રહ્યું છે.

ગઈકાલે ઢાકામાં વિદ્યાર્થીઓ સંગઠનોની વિશાળ રેલી બાદ દેશભરમાં તોફાનો ફાટી નીકળ્યા હતા. બળવાખોરોએ પ્રધાનમંત્રી આવાસ સહિતની સરકારી ઇમારતોમાં ધૂસીને નુકસાન પહોંચાડ્યું હતું.  બાંગ્લાદેશ સૈન્યના મીડિયા વિંગ - ઇન્ટર સર્વિસ પબ્લિક રિલેશન એટલે કે ISPR એ એક નિવેદનમાં જણાવ્યું છે કે સૈન્ય

પ્રમુખ વકાર અઝ-ઝમાન ટૂંક સમયમાં વિદ્યાર્થી અને શિક્ષકોના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરશે.

સૈન્ય પ્રમુખની જાહેરાત બાદ સરકારી અને અર્ધસરકારી ઑફિસ, ખાનગી ઑફિસ, ફેક્ટરી, શાળા સહિત તમામ પ્રકારના શિક્ષણ સંસ્થાઓ આજે રાબેતા મુજબ ખુલ્યા છે. ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશમાં અનામતના વિરોધમાં છેલ્લા એક મહિનાથી થઈ રહેલા પ્રદર્શનોમાં અત્યાર સુધીમાં ૩00થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે.

# CABINET MEET

બાંગ્લાદેશમાં તણાવની સ્થિતિને જોતા નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેઠકનું નેતૃત્વ કરતા બાંગ્લાદેશની સ્થિતિ વિશે માહિતી મેળવી હતી. કેન્દ્રીય વિદેશમંત્રી એસ. જયશંકર, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, નાણાંમત્રી નિર્મલા સીતારમણ સહિતના મંત્રીઓ આ બેઠકમા હાજર રહ્યા હતા.

# US-BANGLADESH

અમેરિકાએ બાંગ્લાદેશમાં વચગાળાની સરકારની સ્થાપના માટેના તમામ નિર્ણયો લોકશાહી સિદ્ધાંતોને અનુરૂપ હોવાનું જણાવતા કહ્યું  કે તે, હિંસાનો અંત લાવવા અને જવાબદારીની જરૂરિયાતને સમર્થન આપે છે.

ગઇકાલે  વોશિંગ્ટનમાં એક મીડિયા બ્રીફિંગ દરમિયાન અમેરિકાના વિદેશ વિભાગના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું કે તેઓ હવે હિંસા અને જવાબદારીને સમર્થન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે ઉત્તર પશ્ચિમ અને પૂર્વીય ભારતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, અને સિક્કીમમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. તો અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં આગામી બે દિવસમાં ભારે વરસાદની શક્યતા છે.

ઉપરાંત ઝારખંડ, બિહાર, ઓડિશા અને તટિય બંગાળના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. આ તરફ તમિલનાડુ, પશ્ચિમ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પંજાબ, જમ્મૂ કાશ્મીર, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડમાં આજે મધ્યમથી હળવા વરસાદની શક્યતા છે. મધ્યપ્રદેશ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પણ બે દિવસમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

# UTTARAKHAND---RESCUE.RTF

ઉત્તરાખંડમાં, કેદાર ખીણમાં હવામાન સાફ થતાં જ હવાઈ બચાવ કામગીરી વધુ ઝડપી બનાવાઇ છે અને ફસાયેલા 1,400 થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ભારતીય વાયુસેનાના ચિનૂક અને MI-17 હેલિકોપ્ટરો તીર્થયાત્રીઓને બહાર કાઢવામાં મદદ કરી રહ્યા છે, જ્યારે 136 તીર્થયાત્રીઓને ભારતીય વાયુસેના અને રાજ્યના હેલિકોપ્ટર દ્વારા બચાવી લેવામાં આવ્યા છે.  509 લોકોને કેદારનાથથી પગપાળા લિંચોલી લાવવામાં આવ્યા હતા અને હેલિકોપ્ટર દ્વારા ચારધામ અને શેરસી હેલિપેડ સુધી પહોંચાડવામાં આવ્યા હતા. આપત્તિ વ્યવસ્થાપન સચિવ વિનોદ કુમાર સુમને જણાવ્યું હતું કે મોટા ભાગના તીર્થયાત્રીઓને લિંચોલી, ભીમ્બલી અને ગૌરીકુંડમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે, હવે કેદારનાથમાં માત્ર પૂજારીઓ, દુકાનદારો અને ઘોડા-પાલકીના ચાલકો બાકી છે, આ સિવાય લગભગ 50 શ્રદ્ધાળુઓ ત્યાં રોકાયા છે સોનપ્રયાગ, શેરસી, ચૌમાસી, ચારધામ હેલીપેડ અને કેદારનાથ હેલીપેડ પર લઈ જવામાં આવેલા લોકો માટે ભોજન, પાણી અને રહેવાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. 31 જુલાઈના રોજ ભારે વરસાદ અને વાદળ ફાટવાના કારણે કેદારનાથ ટ્રેક રૂટ લિંચોલી, ભીમ્બલી, ઘોડાપાડાવ અને રામબાડા સહિત અનેક સ્થળોએ રસ્તાઓ ધોવાઈ ગયા હતા , જેના કારણે તીર્થયાત્રીઓ અટવાઈ ગયા હતા.

ભૂસ્ખલનને કારણે અન્ય સ્થળોએ રસ્તાઓને પણ નુકસાન થયું છે. સેનાએ કેદારનાથ નેશનલ હાઈવે પરના સોનપ્રયાગ-ગૌરીકુંડ રોડ પર ફૂટ બ્રિજનું નિર્માણ શરૂ કરી દીધું છે. તથા  સોનપ્રયાગમાં અપંગ, બીમાર અને વૃદ્ધોની અવરજવર માટે એક ટ્રોલી પણ સ્થાપિત કરી છે

# ASSAM-FLOODS

આસામમાં ભારે વરસાદ બાદ પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ગઈકાલે ગૌવહાટીમાં ભારે વરસાદ પડ્યો હતો જેને પગલે વાહનવ્યવહારને અસર થવા પામી હતી. અહીં ઠેર ઠેર રસ્તાઓ પર પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. દરમિયાન ભારે વરસાદની આગાહીને જોતા ગૌવહાટી મ્યુનિસિપલ વિસ્તારોમાં આજે પણ શાળા અને કોચિંગ સેન્ટર્સ બંધ રહેશે.

# PARIS OLYMPICS SCHEDULE

પેરિસ ઑલિમ્પિકમાં આજે ભારત હોકી, એથ્લેટિક્સ, ટેબલ ટેનિસ અને કુસ્તીની રમતો રમશે. મેચ રમાનાર છે. હૉકીમાં ફાઇનલમાં સ્થાન મેળવવા માટે ભારતીય ટીમ આજે જર્મનીની ટીમનો મુકાબલો કરશે. ભારતીય સમય અનુસાર રાત્રે સાડા દસ વાગે સેમિફાઇનલ મેચ રમાશે. ટોકિયો ઑલિમ્પિક 2020માં કાંસ્ય ચંદ્રક જીતનારી ભારતીય ટીમ આ વખતે આગળ વધવાનો પ્રયાસ કરશે. સુવર્ણ ચંદ્રક માટે ભારતની આશા સમાન નિરજ ચોપરા આજથી ભાલાફેંકમાં તેમના અભિયાનની શરૂઆત કરી રહ્યા છે. બપોરે ત્રણ વાગીને 20 મિનિટે ગૃપ બીની ક્વૉલિફાઇંગ મેચમાં રમશે.

એશિયન ગેમ્સમાં રજત ચંદ્રક વિજેતા કિશોર કુમાર જિણા ભાલાફેંકમાં ક્વૉલિફિકેશન માટેની ગૃપ એની મેચમાં ઉતરશે. મહિલાઓ માટેની 400 મીટરની રેસમાં ભારતના કિરણ પહલ અઢી વાગે દૌડમાં ભાગ લેશે.

તો કુસ્તીમાં બે વાર ઑલિમ્પિક વિજેતા વિનેશ ફોગટ, 50 કિલોગ્રામ વજન વર્ગની પ્રિ-ક્વાર્ટર ફાઇનલમાં જાપાનની ખેલાડી સામે અખાડામાં ઉતરશે. ટેબલ ટેનિસમાં ભારતીય પુરુષ ટીમના હરમીત દેસાઈ, માનવ ઠક્કર અને અચંતા સરથ કમલ તેમના અભિયાનની શરૂઆત કરતા ચીનની પુરુષ ટીમ સામે મેચમાં ઉતરશે.